# સે. ૨૨ ગણેશોત્સવમાં મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ







ગાંધીનગર, તા. ૩ સાર્વજનિક ગણેશ મહોત્સવનાં ત્રીજા દિવસે શુક્રવારના રોજ જ્યોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હલ્દીકંકુ, શ્રીફળ શણગાર, ભજન, આરતી સુશોભન, મોદક સ્પર્ધા અને ફૂલદાની સુશોભન જેવી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે શહેરની બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.

દરેક સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનારને નીચે પ્રમાણે ક્રમ આપવામાં આવ્યા હતા જેમાં અનુક્રમે ફુલદાની સ્પર્ધા મીનાક્ષી પારેખ, જાગૃતિ પારેખ, આરતી થાળી - સાસણી સિદ્ધિ, બ્રિન્દા પટેલ, બિહોલા અંતર કુવરબા, નીતા પ્રજાપતિ, મીનાબેન શાહ, મોદક સ્પર્ધામાં સુકાન્યાબેન ઠક્કર, મિનાક્ષીબેન પારેખ, મીનાબેન શાહ, શ્રીફળ સ્પર્ધામાં અનસુયાબા ઝાલા, પ્રીતિ દવે, ભજન સ્પર્ધામાં સમસ્ત બ્રહ્મસમાજ, ફોરમ ગ્રુપ, જય અંબે ગ્રુપ, સંસ્કૃતિ પરિવાર, નારી સરક્ષણ ગ્રુપ, ઉમિયા ગ્રુપ.

આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારીનાં સંચાલિકા પૂજ્ય કૈલાશ દીદી, મુખ્ય મહેમાન ડૉ. તેજલ દલાલ, નિશિત વ્યાસ, નીરૂબેન નાયક તેમજ ઈશાનીબેન વ્યાસ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના મહિલા કોર્પોરેટરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતનાબેન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ભજન સ્પર્ધામાં જ્યોત્સનાબેન બુચ, ડૉ. મમતા બુચ અને આરતીબેન ભટ્ટે સેવા આપી હતી. તેમજ આરતી સુશોભનમાં વેદાંગીબેન દવે તેમજ ફૂલદાની સુશોભનમાં જ્યોત્સનાબેન પટેલ તેમજ શ્રીફળ શણગાર ડૉ. વર્ષાબેન પારેખ તેમજ મોદક સ્પર્ધામાં વીણાબેન વોરા, ગીતાબેન ખુમાણે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વંદના મેવાડા દ્વારા અને આભારવિધિ નિશિત વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં જ્યોતિ મહિલા મંડળની બહેનો ઉપરાંત તારાબેન પટેલ, પ્રવિણાબેન ગામીત, મીનલબેન ઓઝા, શારદાબેન પટેલ, પ્રવિણાબેન દરજી તેમજ કોકીલાબેન નાયકે મહત્વનો ફાળો આપ્યો હતો. સેક્ટર-૨૨ના સાર્વજનિક ગણેશોત્સવમાં શુક્રવારના રોજ રાત્રે જુના-નવા ગીતોના ગુલાદસ્તાથી ગણેશોત્સવ ગાજી ઉઠ્યો. મધુર રીધમ ઓરકેસ્ટ્રાના બલ્લુ સિંધાના સંચાલનમાં સંગીતમય કાર્યક્રમ રજુ થયો. તેમાં વિશ્વ વિખ્યાત કલાકારો આનલ વસાવડા, પાયલ વખારીયા, શ્યામ ગઢવી, દેવર્ષિ સોનેજી, તેમજ ભૂમિજ ત્રિવેદી જેવા બહેતરીન ગાયક ગાયિકાઓના કસાયેલા કંઠે એક બાદ એક ગીતોએ અત્યંત વિશાળ સંખ્યામાં પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ભાવિન પટેલ તેમજ હિરેન શાસ્ત્રીએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં મિતુલ જોષી, વૈભવ જાની, મુકેશ મારૂ, રાકેશ જાનીનું મુખ્ય યોગદાન હતુ. અધ્યક્ષ નિશિત વ્યાસે ધર્મપ્રેમી તથા સંગીતપ્રેમી જનતાને કાર્યક્રમ સફળ બનાવવા માટે આભાર માન્યો હતો.

## દૂઝણી ગાયોને મુક્ત કરવા કોંગ્રેસના માલધારી અગ્રણીઓની રજુઆત



ગાંધીનગર, તા.૦૩ ગાંધીનગર શહેર કોંગ્રેસના માલધારી સમાજના આગેવાનો શહેર મંત્રી કનુભાઈ દેસાઈ, માલધારી સેલ પ્રમુખ રાજુભાઈ દેસાઈ અને માલધારી આગેવાન રમેશભાઈ દેસાઈ દ્વારા આજે ગાંધીનગર શહેરના મેયર હિતેશભાઈ મકવાણાને પાટનગરમાં ઢોર ડબ્બામાં પુરવામાં આવેલી દૂધ આપતી દુઝણી ગાયો જે છેલ્લા દસ દિવસથી દંડ ભરવા છતાં પણ માલધારીઓને પરત આપવામાં નથી આવતી એ ગાયોની વેદના રજૂ કરીને એમને બાકી હોય તો દંડ ભરાવીને મુક્ત કરી આપવા વિનંતી કરવામાં આવી હતી. આ અનુસંધાને મેયરે તેમની રજુઆત સાંભળી ગાય માતાને પીડામાંથી મુક્ત કરવા યોગ્ય ઝડપી નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.

## સાયન્સ સિટી ખાતે "સાયન્સ ઓલિમ્પિયાડ" અંગે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૦૩ ગુજરાત સાયન્સ સિટી દ્વારા ગુજકોસ્ટના સહયોગથી તા.૫થી ૭ સપ્ટેમ્બર દરમિયાન વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને વેગ આપવા અને તેમને આત્મા નિર્ભર ભારત માટે પ્રોત્સાહિત કરવા, ધોરણ ૯થી ૧૨ માટે સાયન્સ ઓલિમ્પિયાડ અંતર્ગત ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને વિષય નિષ્ણાતો વચ્ચેના સંવાદ યોજવામાં આવશે.

આ કાર્યક્રમનું સમયપત્રક અનુસાર પહેલા દિવસે તા. ૦૫/૦૯/૨૦૨૨ સોમવારના રોજ પહેલાં સત્રમાં અમદાવાદની સેંટ ઝેવિયર કોલેજના પ્રો. યુ.પ્રજાપતિ ગણિત અને બીજા સત્રમાં ઓલમ્પિયાડ સંચાલક તમન્ના મનસુખાની રસાયણશાસ્ત્ર અંગે માર્ગદર્શન આપશે. બીજા દિવસે તા.૦૬/૦૯/૨૦૨૨

મંગળવારે પહેલાં સત્રમાં ગુજ.યુનિવર્સિટીના આ.પ્રોફેસર ડો. પૂજન પંડ્યા જીવવિજ્ઞાન અને બીજા સત્રમાં પીઆરએલના સાયંટિસ્ટ ડો. વિશાલ જોશી એસ્ટ્રોનોમી અંગે તેમજ તૃતીય દિવસે તા ૦૭/૦૯/૨૦૨૨

બુધવારે પહેલાં સત્રમાં મુંબઈની HBCSEના શિરીષ પથારે ભૌતિકશાસ્ત્ર અને બીજા સત્રમાં મુંબઈની IJSO, HBCSE, TIFRના વાઈસ પ્રેસિડેંટ ડો. પી.કે.જોશી જુનિયર સાયન્સ અંગે માર્ગદર્શન આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણેય દિવસ દરમ્યાન પહેલું સત્ર સવારે ૧૦:૦૦ થી – બપોરે ૧:૩૦ સુધી અને બીજું સત્ર બપોરે ૨:૩૦ થી- સાંજે ૫:૩૦ સુધી યોજાશે.

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ વંદે ગુજરાત ટેલિકાસ્ટ અને ગુજરાત સાયન્સ સિટી યુટ્યુબ ચેનલ પર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ ગુગલ લિંક દ્વારા ઈવેન્ટ માટે તેમના નામ નોંધણી કરી શકે છેઃ https://forms.gle/ACz8pjHfJwerEMsL6 આ માહિતી સાયન્સ સિટીના સોશિયલ મીડિયા પેજ પર પણ શે'ર કરવામાં આવી છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી યુવા પેઢીને વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા સજ્જ બનાવવા પ્રતિબદ્ધ છે.



ગાંધીનગરના વાવોલ વિસ્તારમાંથી હરીનગર સોસાયટી ખાતેથી દર વર્ષની જેમ ભાદરવી પૂનમે અંબાજી જવા માટે પદયાત્રી સંઘે પ્રયાણ કર્યું હતું. આ સંઘના રથને પ્રસ્થાન સમયે ભાજપના વોર્ડના અગ્રણી દિલીપસિંહ ગોલે હાજર રહી ખેંચ્યો હતો.

Government of Gujarat
Azadi Ka Amrit Mahotsav
INDIA
Gujarat State Olympic Association
Sports Authority of Gujarat
/nationalgamesgujarat
JUDEGA INDIA JITEGA INDIA

36TH NATIONAL GAMES GUJARAT 2022
Celebrating Unity Through Sports
29 Sep - 12 Oct, 2022

36મા રાષ્ટ્રીય ખેલ મહોત્સવનો
કર્ટેન રેઇઝર અને
11મા ખેલ મહાકુંભનો
સમાપન સમારોહ

4 સપ્ટેમ્બર 2022, સાંજે 5:30 કલાકે | એકા એરેના, ટ્રાન્સસ્ટેડિયા, કાંકરિયા, અમદાવાદ

— મુખ્ય અતિથિ —
શ્રી અમિતભાઇ શાહ
માનનીય કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અને ગાંધીનગરના સાંસદ

— ગરિમામય ઉપસ્થિતિ —
શ્રી અનુરાગ ઠાકુર
માનનીય કેન્દ્રીય મંત્રી, માહિતી અને પ્રસારણ તેમજ યુવા સંબંધિત બાબતો અને રમતગમત
શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી હર્ષભાઇ સંઘવી
માનનીય મંત્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત રાજ્ય

36મી નેશનલ ગેમ્સ
36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો
36 રમતો



આયોજક શહેરો અને સ્થળો
અમદાવાદ સંસ્કાર ધામ | એકા એરેના,ટ્રાન્સસ્ટેડિયા | સાબરમતી રિવરફ્રન્ટ | કેન્સવિલે ગોલ્ફ અને કન્ટ્રી ક્લબ | ક્રાઉન શૂટિંગ એકેડેમી | રાઇફલ ક્લબ | શાહીબાગ પોલીસ સ્ટેડિયમ ગાંધીનગર મહાત્મા મંદિર | આઇ.આઇ.ટી. ગાંધીનગર સુરત ડુમસ બીચ | PDDU ઇન્ડોર સ્ટેડિયમ વડોદરા સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સરદાર પટેલ સ્વિમિંગ કોમ્પ્લેક્સ | ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ભાવનગર મલ્ટી પર્પઝ હોલ, SAG
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત સરકાર